# જિલ્લાશિક્ષણાધિકારીકચેરી, સુરત

## એ-૩, જિલ્લાસેવાસદન-૨, અઠવાલાઈન્સ, સુરત

Phone No: (0261)2662903, Fax No: 2662902, Email suratdeo@gmail.com

જા.નં.મા-૧/TST/૨૦૨૧/ ૬૭૭૨ તા.૯/૧૨/૨૦૨૧

પ્રતિ,

આચાર્યશ્રી,

તમામ સરકારી અને આર.એમ.એસ.એ શાળાઓ,

સુરત, જિ.સુરત

વિષય – પ્રખરતા શોધ કસોટીના આવેદનપત્રો ઓનલાઇન ભરવા બાબત

સંદર્ભ – ૧.ગુ.મા.ઉ.મા.બોના પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૧/૭૦૬૪ તા.૨૬/૧૧/૨૦૨૧

૨.સચિવશ્રી બોર્ડની મૌખિક સુચના અન્વયે

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ધો-૯મા અભ્યાસ કરતા વિધ્યાર્થી માટે પ્રખરતા શોધ ક્સોટી (TST) તા.૦૭/૦૨/૨૦૨૨ ના રોજ લેવામા આવનાર છે. જેના ઓનલાઇન આવેદનપત્રો ભરવાને છેલ્લી તારીખ-૨૬/૧૨/૨૦૨૧ છે. તો આપની શાળાના ધો.૯માં ભણતા તમામ વિધ્યાર્થીઓના પ્રખરતા શોધ કસોટીના આવેદન પત્રો ઓનલાઇન ભરવા જણાવવામાં આવે છે.

જિલ્લાશિક્ષણાધિકારી
સુરત, જિ-સુરત

<u>અગત્યનું</u>

ક્રમાંક:મઉમશબ/સંશોધન/2021/7064
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-10 બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.26/11/2021

પ્રતિ,
આચાર્યશ્રી, (તમામ માધ્યમિક શાળાઓ)
ગુજરાત રાજ્ય.

વિષય:- ધોરણ-9 માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે પ્રખરતા શોધ કસોટી (TST) બાબત.

સંદર્ભ:- 1) અત્રેની કચેરીના પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/2021/4341-84, તા.08/09/2021
2) અત્રેની કચેરીના પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/2021/7038-72, તા.20/11/2021

ઉપરોક્ત વિષય અને સંદર્ભ-1 દર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-9 ના વિદ્યાર્થીઓની પ્રતિભા બહાર લાવવા માટે આયોજિત થતી પ્રખરતા શોધ કસોટી ચાલુ વર્ષે <u>તા.07/02/2022</u> ના રોજ લેવામાં આવનાર છે.

સંદર્ભ-2 દર્શિત પત્ર અન્વયે તા.07/02/2022ના રોજ યોજાનાર ધોરણ-9માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે પ્રખરતા શોધ કસોટી (TST) અંગેની વિગતો અત્રેની કચેરી દ્વારા તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓની કચેરીને મોકલી આપવામાં આવેલ છે. ઉક્ત વિગતે પ્રખરતા શોધ કસોટીના ફોર્મ ભરવા અંગે શાળાના વાલીઓ તેમજ વિદ્યાર્થીઓની મુંઝવણ અને પૃચ્છા અંગે અત્રેની કચેરી દ્વારા નીચેની મુજબની સ્પષ્ટતા કરવામાં આવે છે.

પ્રખરતા શોધ કસોટી અંગેની મુખ્ય વિગતો નીચે મુજબ છે.

1. પ્રખરતા શોધ કસોટીના આવેદનપત્રો ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ ખાતે નોંધાયેલ તમામ માધ્યમિક શાળાઓ મારફતે તા.06/12/2021 થી તા.26/12/2021 દરમ્યાન ઓનલાઈન આવેદનપત્રો બોર્ડની વેબસાઈટ gseb.org ભરવા અંગેની કાર્યવાહી કરવામાં આવશે. <u>વિદ્યાર્થીઓએ પ્રખરતા શોધ કસોટી માટે આવેદન કરવાની વિગત શાળાને આપવાની રહેશે.</u> આવેદન પત્રો ઓનલાઇન ભરવા અંગેની સૂચનાઓ નીચે મુજબ છે.

- સ્કુલ લોગ-ઇન :-

ધોરણ-9 પ્રખરતા શોધ કસોટી(2022)ના આવેદનપત્રો ઓનલાઇન ભરવા માટે શાળાએ વિદ્યાર્થીઓના ધોરણ-10ના આવેદન પત્રો ભરવા માટે જે Index Number અને Passwordનો ઉપયોગ કરેલ છે તે જ Index Number અને Passwordનો ઉપયોગ કરવાનો રહેશે.
(માધ્યમિક શાળાનો નવો Index Number 50.0001 થી 86.9999 સુધીનો હોય છે.)

- પ્રખરતા શોધ કસોટી(ફેબ્રુઆરી-2022)ના આવેદનપત્રો શાળા કક્ષાએથી ફક્ત ઓનલાઇન જ ભરવાના રહેશે.
- ઓનલાઇન આવેદનપત્ર ભરવાનો સમયગાળો તા.06/12/2021તા.26-12-2021 સાંજે 17:00

E:\PC DATA\Documents\PMag\AutoSave\2021\પરિપત્ર-TST-2021.docx

કલાક સુધી નક્કી કરવામાં આવ્યો છે.

- સૌ પ્રથમ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઇટ gseb.org ઓપન કરવાની રહેશે.
- તેમાં Talent Search Test ના બટન (icon) ઉપર ક્લીક કરવું અથવા prakharata.gseb.org પર લોગ-ઇન કરવાનું રહેશે.
- લોગ ઇન આઇડી(Index Number) અને Password અને નીચે લખેલી ટેક્ષ્ટ (Captcha) એન્ટર કરીને લોગ ઇન કરવાનું રહેશે.

[નોંધ: શાળા દ્વારા જો **Password** રીસેટ કરવાનો થાય થાય તો **School Registration** પર ક્લિક કરી, શાળાના રજીસ્ટર્ડ મોબાઈલ એન્ટર કરીને **Password** રીસેટ કરવાનો રહેશે.]

- Student Registration નું ફોર્મ ઓપન થશે જેમાં જમણી બાજુ આપની શાળાનો સ્કૂલ ઇન્ડેક્ષ નંબર અને ડાબી બાજુએ શાળાનું નામ તેમજ મોબાઈલ નંબર દેખાશે.

➢ પરીક્ષા કેન્દ્ર પસંદગી :-

- સૌ પ્રથમ ઓનલાઈન ફોર્મમાં શાળાને જે કેન્દ્ર નજીક પડતું હોય તે કેન્દ્ર Select કરવાનું રહેશે. (દરેક શાળાએ પોતાની શાળાના તમામ વિદ્યાર્થીઓ માટે એક જ કેન્દ્ર ભરવુ.)
- એક વખત કેન્દ્ર પસંદ કર્યા પછી બાકીના વિદ્યાર્થીઓના ફોર્મ માટે આપોઆપ તે કેન્દ્ર પસંદ થયેલું આવી જશે.

➢ વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન :-

- કેન્દ્ર પસંદ કર્યા બાદ શાળા દ્વારા વિદ્યાર્થીની નીચે મુજબની વિગતો ભરવાની રહેશે.

➢ **Student's General Information**:-

| | | |
|---|---|---|
| 1 | Surname | માધ્યમિક શાળાના જી.આર.માં નોંધાયેલ વિગત મુજબ ભરવાના રહેશે. કાળજી પૂર્વક સ્પેલિંગ ચેક કરી નામ એન્ટર કરવા. |
| 2 | Name | |
| 3 | Father's Name | |
| 4 | Medium | ઉમેદવાર જે માધ્યમની શાળામાં અભ્યાસ કરતો હોય તે જ માધ્યમ સીલેક્ટ કરવું. |
| 5 | Caste | જી.આર.ની નોંધ મુજબ ઉમેદવારની જે Caste હોય તેની કેટેગરી પર ક્લીક કરવું. |
| 6 | Gender | Male/ Female જે હોય તેના ઉપર ક્લીક કરવું. |
| 7 | G.R. No. | વિદ્યાર્થીનો જી.આર. નંબર (ઉદાહરણ: 000063) |

- દિવ્યાંગ વિદ્યાર્થી હોય તો **Differently Abled?** માં **Yes**માં ક્લીક કરવાનું રહેશે.
- તમામ વિગતો ભર્યા બાદ **Save** બટન પર ક્લિક કરવાનું રહેશે.
- વિદ્યાર્થીની ફી તેની **Caste** અને **Gender** પ્રમાણે ઓટોમેટિક નક્કી થઇ જશે. જે ચકાસી લેવું.

➢ <u>વિદ્યાર્થીના ફી નો દર નીચે મુજબ છે.</u>

| | | |
|---|---|---|
| 1. | જનરલ કેટેગરીના વિદ્યાર્થી | રૂ.100/- ફી |
| 2. | જનરલ કેટેગરીની વિદ્યાર્થિની | રૂ.80/- ફી |
| 3. | SC વિદ્યાર્થી/વિદ્યાર્થિની | રૂ.80/- ફી |
| 4. | ST વિદ્યાર્થી/વિદ્યાર્થિની | રૂ.80/- ફી |
| 5. | OBC વિદ્યાર્થી/વિદ્યાર્થિની | રૂ.80/- ફી |
| 6. | દિવ્યાંગ વિદ્યાર્થી/વિદ્યાર્થિની | રૂ.80/- ફી |



E:\PC DATA\Documents\IPMsg\AutoSave\2021\પરિપત્ર-TST-2021.docx

➢ ફી ભરવાની પ્રક્રિયા :-

તમામ વિદ્યાર્થીઓની વિગત ભર્યા બાદ શાળા મારફતે તમામ વિદ્યાર્થીઓની ફી એકસાથે Payment ટેબ પર ક્લીક ઓનલાઇન અને ઓફલાઈન બંને રીતે ભરી શકાશે.

ઉક્ત કાર્યવાહી તમામ શાળાઓના આચાર્યો તેમજ શિક્ષકો દ્વારા ધોરણ-9 ની પ્રખરતા શોધ કસોટીમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ માટે ઉક્ત સૂચનાઓનું પાલન કરીને યોગ્ય કાર્યવાહી કરવાની રહેશે. તેમજ આ અંગે શાળાના આચાર્યશ્રીઓ તેમજ શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓ તેમજ વાલીઓને માર્ગદર્શન અને સૂચનાઓ આપવામાં એ ખૂબ જ જરૂરી છે.

2. આ પરીક્ષામાં OMR શીટમાં બારકોડ સ્ટીકરનો ઉપયોગ કરવામાં આવશે. વિદ્યાર્થીઓની હાજરી માટે ધોરણ-10/12ની બોર્ડની પરીક્ષામાં વાપરવામાં આવતા ઝીરો-વન પત્રકના નમૂના મુજબ હાજરી પત્રકનો ઉપયોગ કરવામાં આવશે.
3. પરીક્ષા પૂર્ણ થયા બાદ OMR શીટ જમા કરાવવા માટે બોર્ડ દ્વારા સ્વીકાર કેન્દ્રની વ્યવસ્થા કરવામાં આવશે.
4. પરીક્ષાનું માળખું નીચે મુજબ રહેશે.

| પ્રશ્નપત્ર | વિષય | પ્રશ્નોની સંખ્યા | ગુણ | સમય |
|---|---|---|---|---|
| પ્રશ્નપત્ર- 1 | ગુજરાતી | 30 | 30 | 120 મિનિટ |
| | અંગ્રેજી | 30 | 30 | |
| | સામાજિક વિજ્ઞાન | 30 | 30 | |
| | સામાન્ય જ્ઞાન | 10 | 10 | |
| | કુલ | **100** | **100** | |
| પ્રશ્નપત્ર- 2 | ગણિત | 40 | 40 | 120 મિનિટ |
| | વિજ્ઞાન | 40 | 40 | |
| | માનસિક ક્ષમતા | 20 | 20 | |
| | કુલ | **100** | **100** | |

5. પરીક્ષા MCQ (OMR પદ્ધતિ) મુજબ લેવામાં આવશે.
6. આ કસોટીના પ્રશ્નપત્રમાં 1 થી 100 પ્રશ્નો આપેલા હોય છે. તમામ પ્રશ્નો ફરજીયાત છે. દરેક પ્રશ્નનો 1 (એક) ગુણ છે. પ્રત્યેક સાચા પ્રત્યુત્તરનો 1 ગુણ મળશે. પ્રત્યેક ખોટા પ્રત્યુત્તર માટે ⅓ ગુણ કપાશે.
7. પ્રખરતા શોધ કસોટીનો અભ્યાસક્રમ ધોરણ-9 ની કક્ષા પ્રમાણે રહેશે.
8. પ્રખરતા શોધ કસોટીના પ્રશ્નપત્ર-1 માટેનો સમય સવારે 11:00 કલાક થી 01:00 કલાક અને ત્યારબાદ એક કલાકની રીસેસ રહેશે અને બપોરે 02:00 કલાક થી 04:00 કલાક દરમ્યાન પ્રશ્નપત્ર-2 લેવામાં આવશે.
9. પ્રખરતા શોધ કસોટીની ફી જનરલ કેટેગરીના વિદ્યાર્થીઓ માટે રૂ.100/- અને વિદ્યાર્થીનીઓ, SC, ST, OBC કેટેગરીના ઉમેદવારો તેમજ દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે રૂ.80/- રહેશે.
10. પ્રશ્નપત્ર-1 અને પ્રશ્નપત્ર-2ના કુલ 200 ગુણમાંથી પર્સન્ટાઇલ પ્રમાણે પ્રથમ 1000 વિદ્યાર્થીઓને બોર્ડ દ્વારા પ્રત્યેક વિદ્યાર્થી દીઠ રૂ.1000/- પ્રોત્સાહક ઇનામ આપવામાં આવશે.

નોંધ :- નવી શરૂ થયેલ માધ્યમિક શાળાઓ કે જ્યાં ધોરણ-૯ના જ વર્ગો ચાલે છે (અને ઓનલાઈન માટેના ઇન્ડેક્સ નંબર નથી) આવી કોઈ શાળાના વિદ્યાર્થીઓ ધોરણ-૯ ની પ્રખરતા શોધ કસોટી માટે આવેદન કરવા ઈચ્છતા હોય તો તે શાળાઓએ વિદ્યાર્થીઓની વિગત તથા ફી નો D.D. (સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના નામનો) બોર્ડની ગાંધીનગરની કચેરીની સંશોધન શાખામાં રૂબરૂ જમા કરાવવાનો રહેશે.

પ્રખરતા શોધ કસોટીની ઉક્ત વિગતો અંગે આપની શાળાના શિક્ષકોને, વિદ્યાર્થીઓને અને વાલીઓને જાણ કરશો. તેમજ ઉક્ત વિગતે યોગ્ય કાર્યવાહી કરવા અત્રેથી જણાવવામાં આવે છે.

(ડી.એસ.પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

નકલ સવિનય રવાના:-
- માન. અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

નકલ રવાના (જાણ અને અમલ સારૂ) :-
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ), ગુજરાત રાજ્ય.